સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨ માટે સ્ટેટ કચેરીના ૧૦, જિલ્લા કચેરીઓના ૪૦ તથા ઘટક કચેરીઓના ૪૨૩ વાહનો મળી કુલ ૪૭૩ ભાડાના વાહનોની સુવિધા પુરી પાડવા વહીવટી મંજુરી

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્ર: આઈસીડી-૧૧૨૦૧૨-૫૩૬-બ
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૮-૦૫-૨૦૨૧

વંચાણે લીધા:

(૧) ભારત સરકારશ્રીના પત્ર ક્ર: ૧૧-૩૬-૨૦૧૬-સીડી-૧ તા.૨૩/૧૧/૨૦૧૭
(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગનાં ઠરાવ ક્ર: આઇસીડી-૧૧૨૦૧૮-૮૬-બ તા.૨૧/૨/૨૦૧૮
(૩) મહિલા અને બાળ વિકાસ વિભાગનાં ઠરાવ ક્ર: આઇસીડી-૧૧૨૦૧૮-૮૭-બ તા.૨૧/૨/૨૦૧૮
(૪) મહિલા અને બાળ વિકાસ વિભાગનાં ઠરાવ ક્ર: આઇસીડી-૧૧૨૦૨૧-૧૩૫૧૧૨-બ તા.૭-૪-૨૦૨૧
(૫) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ કચેરીના તા.૧૯-૪-૨૦૨૧ ના પત્ર ક્ર:મબાવિ/આઇસીડીએસ/લોજીસ્ટિક/ભાડાના વાહન/મંજુરી/૨૦૨૧-૨૨/૧૯૯૮૬/૨૦૨૦

આમુખ:

વંચાણે લીધેલ (૧) થી POL તથા ભાડાના વાહન અંગેના કમ્પોનન્ટસમાં થયેલ ફેરફાર મુજબ પ્રતિ વાહન રૂ.૨.૫૦ લાખ વાહન ભાડા માટે મંજુર કરેલ છે. વંચાણે લીધેલ (૨) અને (૩) થી આઇસીડીએસ યોજનાની સહાયના જુદા જુદા કમ્પોનન્ટસ માટે સહાયનું ધોરણ નક્કી કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ (૪) થી વર્ષ ૨૦૨૧-૨૨ ના અંદાજપત્રમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તકના અંદાજપત્રમાં રૂ.૧૦૦/- કરોડથી વધુ રકમની ચાલુ બાબતોની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.

વંચાણે લીધેલ (૫) થી કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ કચેરીના પત્ર દ્વારા કરેલ દરખાસ્ત અન્વયે સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨ માટે સ્ટેટ કચેરીના ૧૦, જિલ્લા કચેરીઓના ૪૦ તથા

ઘટક કચેરીઓના ૪૨૩ વાહનો મળી કુલ ૪૭૩ વાહનો આઉટસોર્સથી ભાડે રાખવાની બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત સ્ટેટ કચેરી, જિલ્લા કચેરીઓ તથા ઘટક કચેરીઓની સુવિધા જળવાઇ રહે તે માટે ભારત સરકારની ગાઇડલાઇન્સ અનુસાર વર્ષ ૨૦૨૧-૨૨ માટે સ્ટેટ કચેરીના ૧૦, જિલ્લા કચેરીઓના ૪૦ તથા ઘટક કચેરીઓના ૪૨૩ વાહનો મળી કુલ ૪૭૩ વાહનોની પ્રતિ વાહન દીઠ વાર્ષિક રૂ.૨,૫૦,૦૦૦/- મહત્તમ ખર્ચ અને માસિક ૨૫૦૦ કી.મી.ની મર્યાદામાં આઉટસોર્સથી ભાડે રાખવાની નીચેની શરતે મંજુરી આપવામાં આવે છે.

(૧) આ હેતુ માટે સબંધિત સદરની વર્ષ ૨૦૨૧-૨૨ ની બજેટ જોગવાઇ અને ફાળવાયેલ ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) રાજ્ય સરકારની પ્રવર્તમાન નીતિ અને જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૫/૦૫/૨૦૨૧ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સતિષ પટેલ)
સેકશન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૨) સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૩) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૪) નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૫) સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ. .............

(૬) સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુ.કો. .............

(૭) વિભાગીય નાયબ નિયામકશ્રી (અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત)

(૮) સર્વે પ્રોગ્રામ ઓધિકારીશ્રી (આઇસીડીએસ), જિલ્લા પંચાયત કચેરી, જિ. ..........

(૯) સર્વે પ્રોગ્રામ ઓધિકારીશ્રી (આઇસીડીએસ), મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુ.કો. ...........

(૧૦) નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર

(૧૧) એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ

(૧૨) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર

(૧૩) નિવાસી ઓડિટ અધિકરીશ્રીની કચેરી, ગાંધીનગર

(૧૪) સર્વે તિજોરી અધિકારીશ્રી, તિજોરી અધિકારીશ્રીની કચેરી, જિલ્લા પંચાયત, જિ. ... ...,...

(૧૫) સિસ્ટમ મેનેજર- વેબસાઇટ ઉપર મુકવા સારૂ

(૧૬) સિલેક્ટ ફાઇલ